ગાંધીનગર સમાચાર
ઉત્તર ગુજરાત
સાબરકાંઠા - અરવલ્લી
તા. ૨૨-૮-૨૦૨૧, રવિવાર




# સ્વચ્છતાની ગ્રાન્ટ બંધ : ઉત્તર ગુજરાતની શાળાઓમાં સ્વચ્છતા અભિયાનને ધુમ્બો

## શિક્ષકો સ્વખર્ચે સફાઈ કરવા મજબૂર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

રાજ્ય સરકાર એક તરફ સ્વચ્છતા અભિયાન પાછળ લાખો-કરોડો રૂપિયાનો ધુમાડો કરી રહી છે ત્યારે બીજી બાજુ ઉત્તર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં સ્વચ્છતાની ગ્રાન્ટ ન ફાળવતાં શાળાઓમાં ગંદકી ફેલાવાથી સ્વચ્છતા અભિયાનને ધુમ્બો લાગ્યો છે. પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ગ્રાન્ટ ફાળવવા શિક્ષણ વિભાગમાં રજુઆત કરવામાં આવી હોવા છતાં ગ્રાન્ટનું કોઈ ઠેકાણું નથી જેથી શિક્ષકો સ્વખર્ચે સફાઈ કરાવવા મજબૂર બન્યા છે. દર મહિને પ્રા.શાળાઓને રૂા.૧૮૦૦ ફળવાતી ગ્રાન્ટ ખુદ શિક્ષણ વિભાગ સ્વચ્છતા મુદ્દે ઉદાસીન હોય તેવું ચિત્ર ઉપસ્યું છે.



સરકારી પ્રાથમિક શાળાઓમાં છેલ્લા કેટલાય સમયથી દર મહિને સ્વચ્છતા માટે ફળવાતી ગ્રાન્ટ બંધ થતાં નિયમિત સફાઈને અસર થઈ છે. શાળાઓ બંધ હોવાનું કારણ આગળ ધરી સરકાર દ્વારા ગ્રાન્ટની ફાળવણી બંધ કરી છે બાળકો માટે શાળાઓ બંધ છે પરંતુ શિક્ષકોએ તો શાળામાં હાજરી આપવી પડે છે . પ્રાથમિક શાળાઓના કમ્પાઉન્ડમાં નિયમિત સફાઈ ગ્રાન્ટના અભાવે ખોરંભે પડતાં ઉત્તર ગુજરાતના ગ્રામ્ય વિસ્તારની અસંખ્ય શાળાઓ અવાવરૂ મિલકત જેવી બની છે જ્યારે કેટલાંક સ્વચ્છતાના આગ્રહી શિક્ષકોએ તો શાળામાં પોતાના ખિસ્સાના ખર્ચે શાળાઓની સફાઈ કરાવી રહ્યા છે. જ્યારે હાલ તો ગ્રાન્ટ ફળવાશે તેની આશામાં ખર્ચ ઉધારવાની આશાએ અનેક શાળાઓમાં સ્વચ્છતા માટે શિક્ષકો ખર્ચો કરી રહ્યા છે. રાજ્યના પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા કોવિડ-૧૯ની મહામારીમાં શાળાઓ ચાલુ હોવાની રજુઆતમાં નિયમ મુજબ શિક્ષકો હાજર રહ્યા છે અને સફાઈ અને સેનીટેશન માટે શિક્ષકો ખર્ચો કરી રહ્યા છે જેથી સ્વચ્છતાની ગ્રાન્ટ તાત્કાલિક અસરથી ચુકવવી જોઈએ ૫ જીલ્લામાં અસંખ્ય શાળાઓમાં નિયમિત સફાઈ ગ્રાન્ટના અભાવે થતી ન હોવાથી શાળાઓમાં ચોમાસાની સીજનમાં જાળીજાંખરા ઉગી નીકળ્યા છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં શ્રાવણ માસમાં ફરાળી નાસ્તો મોંઘો બન્યો

## ભાવમાં ૧૦ ટકાનો વધારો થતાં ઉપવાસ ખર્ચાળ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં શ્રાવણ માસનો આરંભ થયો છે. જ્યારે અન્ય વ્રત આવતા હોવાથી આ મહિના દરમિયાન શિવભક્તો ઉપવાસ રાખતાં હોય છે જેમાં કેટલાંક આખો મહિનો તો કેટલાંક શ્રાવણીયા સોમવારે ઉપવાસ કરતા હોવાથી ફરાળી નાસ્તાની માંગ રહેતી હોય છે. પરંતુ આ વખતે ઉપવાસ વધુ મોંઘા બન્યા છે. જીલ્લામાં ફરાળી, બફવડા, મોતીવડા, પાતરાં, સાબુદાણાની ખીચડી, મોરૈયાની ખીચડીના ભાવમાં ૧૦ ટકાનો વધારો થયો છે. ફરાળી ચીજવસ્તુઓ બનાવવા માટે જરૂરી ચીજવસ્તુના ભાવ



તહેવારો સમયે ઉચકાતાં ફરાળી નાસ્તો વધુ ખર્ચાળ બન્યો છે.

શ્રાવણ માસના આરંભ સાથે ફળના ભાવ ઉંચકાયા પછી હવે ફરાળી ચીજવસ્તુના ભાવ વધ્યાં છે. શ્રવાણ માસમાં ઉપવાસનું મહત્વ હોવાથી ભોળાનાથના ભક્તો એકટાણા રાખી ભૂખ લાગે તો ફરાળી નાસ્તો આરોગતા હોય છે. પરંતુ વધતી જતી મોંઘવારીમાં ફરાળી ચીજવસ્તુઓ પણ મોંઘી થઈ છે. વ્રત અને ઉપવાસ સમયે જરૂરી નાસ્તામાં ૧૦ ટકાનો ભાવ વધારો થયો છે. છેલ્લા કેટલાંક સમયથી તેલ, ખાંડ અને અન્ય મરી-મસાલાની કિંમતોમાં વધારો થતાં શ્રાવણ માસમાં ફરાળી ચીજવસ્તુઓના ભાવ ઉંચકાયા છે.જિલ્લામાં બાફવડા, પેટીસ- રૂા.૨૪૦, પાતરાં, ગોટા- રૂા. ૨૦૦, ફરાળી કેવડો-રૂા. ૨૦૦ તેમજ કિલોદીઠ રૂા. ૨૪૦ થી ૩૨૦ના ભાવે વેચાઈ રહ્યા છે.




શ્રાવણના આરંભે એકતરફ ફળના ભાવમાં વધારો થયો છે ત્યાં હવે ફરાળી ચીજવસ્તુઓ પણ મોંઘી બની છે જેથી કાળઝાળ મોંઘવારીમાં ઉપવાસ કરવા પણ અત્યંત મોંઘા બન્યા છે.

# શ્રાવણી પૂનમ : ડાકોરમાં આજે સવારે ૫.૦૦ કલાકે મંગળા આરતી

## હજારો શ્રદ્ધાળુઓ મંગળા આરતી દર્શન માટે પહોંચ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા. ૨૧

કોરાનાના ભયંકર સ્વરુપ છતાં આસ્થાને કોઈ ડગાવી શક્યું નથી. આજે રવિવારે શ્રાવણી પૂનમ નિમિત્તે ડાકોર રણછોડરાય મંદિરમાં સવારે ૫.૦૦ કલાકે મંગળા આરતી યોજાશે. ભગવાન રણછોડ રાયના અનેક ભક્તો રાજયના ખૂણે ખૂણેથી શનિવારે રાત્રે ડાકોર પહોંચ્યા છે. જયાં સવારની મંગળા આરતીમાં ભાગ લઈ ધન્યતા અનુભવશે.




યાત્રાધામ ડાકોરમાં શ્રાવણી પૂનમ નિમિત્તે મંગળા આરતીનો સમય જાહેર કરવામાં આવ્યો છે. સવારે ૫.૦૦ કલાકે નિજ મંદિર ખુલશે, ૫.૧૫ કલાકે મંગળા આરતી થશે જયારે દર્શન સવારે ૮.૩૦ વાગ્યા સુધી ખુલ્લા રહેશે ત્યારબાદ ૮.૩૦ થી ૯.૦૦ સુધી ઠાકોરજી બાલભોગ, શ્રૃંગાર ભોગ અને ગોવાળ ભોગ એમ ત્રણેય ભોગ એક સાથે આરોગવા બિરાજશે. આ સમય દરમિયાન મંદિર બંધ રહેશે. ત્યારબાદ સવારે ૯.૦૦ થી ૧૨ મંદિર દર્શન માટે ખુલ્લું રહેશે. બપોરે ૧૨.૦૦ થી ૧૨.૩૦ રાજભોગ આરોગવાના હોવાથી મંદિર બંધ રહેશે. ત્યારબાદ ૧૨.૩૦ પછી મહાભોગ આરતી ત્યારબાદ મંદિર દર્શન માટે ૨.૦૦ વાગ્યા સુધી ખુલ્લુ રહેશે.

# સાઠંબા કડવા પાટીદાર સમાજનું ગૌરવ

બાયડ તા.૨૧

બાયડ તાલુકાના પટેલના મુવાડા (સાઠંબા) રહેવાસી અને ચાણકચ સ્કૂલ, મોડાસાનો વિધાર્થી પટેલ જુહીલકુમાર મુકેશભાઈ એ તાજેતરમાં લેવાયેલ ગુજકેટની પરીક્ષામાં ૯૩ P.R મેળવી સમાજઅને સ્કૂલનું ગૌરવ વધારેલ છે.



# ઘાંટી ગામે આરોગ્ય સબ સેન્ટરમાં તસ્કરો ત્રાટક્યા

## તસ્કરોએ વજનકાંટો, મચ્છરદાની સહિતનો સામાન ઉઠાવ્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

ભિલોડા તાલુકાના ઘાંટી ગામના આરોગ્ય સબ સેન્ટરમાં રાત્રીના સમયે ત્રાટકેલા તસ્કરો ઓફિસમાંથી વજન કાંટો, પલ્સ ઓક્સીમીટર, થર્મલ ગન તેમજ મચ્છરાદાની સહિત રૂા.૯૮૦૦ની કિંમતનો સરસામાન ચોરી જતાં પોલિસ ફરીયાદ થઈ છે બનાવ અંગે ભિલોડા પોલિસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

તસ્કરોએ ચોમાસાની સીઝનમાં પોલિસને ખુલ્લો પડકાર ફેકયો છે. ચોરીના બનાવો વધતાં પોલિસના નાઈટ પેટ્રોલિંગનો પરપોટો ફૂટી ગયો છે. ભિલોડા તાલુકાના ઘાંટી ગામે ત્રાટકેલા તસ્કરોએ આરોગ્ય સબ સેન્ટરને નિશાન બનાવ્યું હતું જેમાં ઓફિસના દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશેલા તસ્કરો સરસામાન ચોરી ફરાર થઈ ગયા હતા. બીજા દિવસે સબ સેન્ટરના સી.એચ.ઓ. દિવ્યાબહેન પટેલને તસ્કરીની જાણ થઈ હતી જેથી તાબાના આરોગ્ય અધિકારીને ઘટનાની જાણ કર્યા પછી પોલિસ ફરીયાદ આપવામાં આવી છે.

# મરચાંના ભાવમાં ઘટાડાથી જિલ્લાના ખેડૂતોને ફટકો

## લીલાં મરચાંના ભાવ તળીયે જતાં ખેડૂતો બેહાલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં બાગાયતી પાકમાં લીલા મરચાનું વધુ વાવતેર કરતા હોય છે પરંતુ ચાલુ મહિને મરચાંના ભાવમાં ખાસો ઘટાડો થતાં ખેડૂતોને ફટકો પડ્યો છે. મંદિરના કારણે લીલાં મરચાના પ્રતિમણે મળતાં રૂપિયા ૧૪૦૦ સુધીના ભાવ ઘટીને રૂા.૪૦૦ થઈ જતાં ખેડૂતો માટે મરચાની ખેતી ખોટની ખેતી બની છે.જીલ્લાના અસંખ્ય ખેડૂતો આ વખતે મરચાં વાવી સારા ભાવની આશા રાખી રહ્યા હતા. પરંતુ ભાવ ઓંચિંતા ઘટતાં ખેડૂતો બેહાલ બન્યા છે.



જીલ્લાના પ્રાંતિજ, તલોદ, ઈડર, માલપુર, મેઘરજ, વડાલી, ભિલોડા સહિતના વિસ્તારોમાં ચાલુ સીઝનમાં ખેડૂતોએ લીલા મરચાનું મોટા પ્રમાણમાં વાવેતર કર્યું છે જેમાં સીઝનની શરૂઆતમાં ખેડૂતોને પ્રતિમણે અંદાજીત રૂા. ૭૦૦ થી ૧૪૦૦ રૂા. જેટલો ભાવ મળ્યા હતા. ત્યારે હમણાંથી લીલા મરચાંના ભાવમાં અડધો-અડધ ઘટાડો થતાં ખેડૂતોને આર્થિક નુકસાન થઈ રહ્યું છે. ખેડૂતોએ ત્રણ માસ અગાઉ રોપા લાવી ખેતરોમાં વાવ્યા હતાં જેમાં સમયસર ખાતર અને દવા છંટકાવ, મજૂરી ખર્ચ પાછળ ખેડૂતોએ ખાસો ખર્ચો કર્યો હતો પરંતુ હવે મરચાં વેચવા ટાણે ભાવ ઘટી જતાં ખેડૂતો મૂંઝાયા છે. શરૂઆતમાં સારા ભાવ મળ્યા પછી હવે ભાવમાં ઘટાડો થયો છે જ્યારે વરસાદ ખેંચાતાં હવે મરચાંના છોડનો વિકાસ રૂંધાયો છે જેના કારણે ઉત્પાદન ઉપર અસર થવાની સંભાવના ખેડૂતો વ્યકત કરી રહ્યા છે. આ વખતે સારા ભાવ મળવાની આશા સાથે ખેડૂતોએ બાગાયતી પાકમાં મરચાનું વાવેતર કરી પાક ઉત્પાદન મેળવ્યું પરંતુ ભાવ નીચા જતાં ખેડૂતોની હાલત કફોળી થઈ છે.

# કોટેજ હોસ્પિટલ ભિલોડા ખાતે ત્યજી દેવાયેલ નવજાત શીશુઓ માટે અનામી પારણું

બાયડ તા.૨૧

ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની સંકલિત બાળ સુરક્ષા યોજના (ICPS) નું અમલીકરણ વર્ષ ૨૦૧૧ થી રાજ્યમાં થઈ રહેલ છે. સદર યોજનાનો મુખ્ય હેતુ



અનાથ, નિરાધાર, ત્યજાયેલ, મળી આવેલ બાળકોના સંસ્થાકીય પુનઃ સ્થાપનનો છે. જિલ્લામાં ત્યજાયેલા બાળકો કોઈ અવાવરૂ સ્થળ, ઝાડીમાં, કચરાપેટીમાં કે ખાડા-ખાબોચીયામાં ત્યજી દેવામાં આવેલ હોય તેવા બાળકોને બચાવવા મુશ્કેલ થતા હોય છે. આવા ત્યજાયેલા બાળકોને વાલીવારસ દ્વારા નિરાધાર ત્યજી ન દેતા પારણામાં મુકવામાં આવે તો શારીરિક કે માનસિક કોઈપણ પ્રકારની ઈજા ન થાય અને આ બાળકોને પારણામાંથી લઈ વિશિષ્ટ દત્તક સંસ્થામાં દાખલ કરી નવજીવન આપી શકાય તેમજ બાળકના જીવન જીવવાના અધિકારને રક્ષણ મળે છે.તા.૨૧/૦૮/૨૦૨૧ નારોજ જિલ્લા બાળ સુરક્ષા એકમ અરવલ્લી દ્વારા ભિલોડા ખાતે આવેલ કોટેજ હોસ્પિટલમાં અનામી પારણું મુકવામાં આવ્યું. જે માટે હોસ્પિટલની સ્ટાફ નર્સ દ્વારા બાળકની પ્રાથમિક જરૂરી સંભાળની વ્યવસ્થા કરવામાં આવશે અને જરૂરી સારવાર બાદ જિલ્લાના બાળ સુરક્ષા એકમ અને ચાઈલ્ડ લાઈન (૧૦૯૮) ને સુપરત થયા બાદ બાળકને યોગ્ય રીતે સંસ્થાકીય પુનઃ સ્થાપન કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં APMC ભિલોડાના ચેરમેનશ્રી હિતેન્દ્રસિંહ સિસોદીયા, ભિલોડાભા.જ.પા. પ્રમુખશ્રીકાન્તીભાઈ પટેલ, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી ડૉ. દિલીપસિંહ બિહોલા, ચાઈલ્ડ વેલ્ફેર કમિટીનાચેરમેનશ્રી હિરાભાઈ પટેલ અને સભ્યશ્રીઓ ઈન્દ્રજીતસિંહ રાઠોડ, ભાવેશભાઈ શાહ, મનહરભાઈ દેસાઈઅનેકમળાબેન પરમાર, હોસ્પિટલના અધિક્ષકશ્રી ડૉ. દિનેશભાઈ ડામોર, ભિલોડા તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડૉ અશોકભાઈ વૈષ્ણવ, નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ શ્રીમતી શકુંતલાબેન નાયી,નર્સિંગ સ્ટાફ અને બાળ સુરક્ષા એકમના સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

# આજે રક્ષાબંધન : સાબરરકાંઠા-અરવલ્લીમાં રક્ષાબંધન માટે આખો દિવસ શુભ

## બહેનો ભાઈઓને કુમકુમ તિલક કરી, મોં મીઠું કરાવી રાખડી બાંધશે



બાયડ (ઓફિસ બ્યુરો) તા. ૨૧

રવિવારે સાબરકાંઠા-અરવલ્લીમાં રક્ષાબંધન પર્વની હર્ષોલ્લાસથી ઊજવણી થશે. રક્ષાબંધનના દિવસે કયું મુહુર્ત સારું તેની પડોજણમાં પડ્યા વગર આખો દિવસ મુહુર્ત શુભ હોવાનું જણાવવામાં આવ્યું છે.

ભાઈ-બહેનના પવિત્ર સ્નેહના પર્વ રક્ષાબંધનની આજે કોરોના સંક્રમણના ઓછાયા વચ્ચે ૧૪ તાલુકામાં ઉજવણી થશે. અગાઉના વર્ષોની સરખામણીમાં રક્ષાબંધન પર્વની ઊજવણી ફિક્કી છે પરંતુ દરેક પરિવાર તેમાં સામેલ થશે. જયોતિષીઓના મતે રક્ષાબંધન પર્વ આમતો સોમવાર સુધી ચાલશે. રક્ષાબંધન આજે હોવાથી અરવલ્લી જિલ્લામાં શનિવારે પણ જનોઈ બદલશે. કેટલાક વિસ્તારોમાં શનિવારે પણ જનોઈ બદલવાની વિધિ થયાનું જાણવા મળ્યું છે. રક્ષાબંધનના કારણે ટપાલ વિભાગને પણ તડાકો પડશે તેવી ધારણા આ વર્ષે ખોટી સાબિત થઈ છે. દૂર રહેતી બહેનોએ પોતાના ભાઈ અને પરિવારને કુરીયર મારફથે રાખડી મોકલી આપ્યાનું પણ જાણવા મળેલ છે.

# વૈયામાં ખેડૂતની ખેડાણ કરેલી જમીન પચાવી પાડવાનો પ્રયાસ

## ૬ ખેડૂતો સામે લેન્ડગ્રેબીંગનો ગુન્હો નોંધાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

મેઘરજ તાલુકાના વૈયા ગામે ખેડૂત રમેશ ભગવાનભાઈ પગીની ખેડાણ કરેલી જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી ગામના ૬ ઈસમોએ મકાઈનું વાવેતર કરવાના પ્રયાસ સાથે જમીન પચાવી પાડવાનો પ્રયાસ કરતાં સનસનાટી મચી છે. ખેડૂતે જમીનમાં વાવેતર રોકતાં ઉશ્કેરાયેલા ઈસમોએ જાનથી મારી નાંખવાની ધમકી આપતાં મેઘરજ પોલિસે લેન્ડગ્રેબીંગનો ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે.

જિલ્લામાં ચોમાસાની સીઝનમાં ખેડૂતોના જગડાં રોજના થયા છે. સરકારે જમીન પચાવી પાડવાના કિસ્સાઓમાં લેન્ડગ્રેબીંગનો કાયદો અમલી બનાવ્યો હોવા છતાં જમીન પચાવી લેવાના પ્રયાસો થઈ રહ્યા છે. મેઘરજ તાલુકાના વૈયા ગામે ખેડૂત રમેશભાઈ પગીની સર્વે નં.૨૮૩ વાળી જમીન આવેલી છે. જેમાં ખેડૂતે સીઝનની ખેતી માટે ખેડાણ કરી રાખ્યું હોવાથી તા.૧૮ના રોજ ગામના કોદરજી હેમાજી પગી, ભાથીજી હેમાજી પગી અને અમરાજી જીવાજી પગી સહિતના ખેડૂતોએ ખેડાણ કરેલ જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ કર્યો હતો અને મકાઈનું વાવેતર કરી જમીન પચાવી પાડવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં ખેડૂત દ્વારા વિરોધ કરવામાં આવતાં ખેડૂત તેમજ અન્ય પગી પરિવારના સભ્યોએ જાનથી મારી નાંખવાની ધમકી આપતાં પોલિસ ફરીયાદ કરવામાં આવી છે.

**આરોપીઓ**

- કોદરજી હેમાજી પગી
- ભાથીજી હેમાજી પગી
- અમરાજી જીવાજી પગી
- રમેશ જીવાજી પગી
- લક્ષ્મણ જીવાજી પગી
- કાન્તીભાઈ અમરાજી પગી

તમામ રહે. વૈયા (તા.મેઘરજ)

# પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીઆઈનું કોરોના વોરીયર તરીકે સન્માન

પ્રાંતિજ તા.૨૧

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે યોજાયેલ '૭૫ મો સ્વાતંત્ર્ય દિન' જિલ્લા કક્ષા ની ઉજવણી પ્રસંગે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીઆઈ એસ. એચ. ત્રિવેદીનું કોરોના વોરીયર્સ તરીકે રાજય ના કેબિનેટ મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલના હસ્તે સન્માન પત્ર આપીને સન્માનિત કરવામા આવ્યા હતા.



# ઉત્તર ગુજરાતમાં વરસાદની અધધ... ૩૩ % ઘટ્ટ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૧

ઉત્તર ગુજરાતમાં વરસાદ ખેંચાતા સતત ચિંતાઓ વધી રહી છે. ઉત્તર ગુજરાતમાં ૫ જિલ્લામાં સરેરાશ ૩૩ ટકા વરસાદની ઘટ છે તે જોતા સ્થિતિ દિવસે દિવસે વધુ વિકટ બનતી હોય તેવું જણાઈ રહ્યું છે. પાછલા ૨૦ દિવસથી વરસાદની વધી રહેલી સંતાકૂકડીના કારણે ચોમાસું ખેતીનું ભવિષ્ય ધૂધળું જણાય છે. આ વર્ષે ખેડૂતોને પડતા ઉપર પાટુનો ઘા પડ્યો હોય તેમ વરસાદની તમામ આગાહી ખોટી સાબિતત થતાં ભરચોમાસે પીવાના પાણીનું સંકટ વધુ ઘેરાઈ શકે છે. દર વરઅષે ઓગસ્ટ મહિમામાં સારો વરસાદ વરસતો હોય છે. પરંતુ આ વર્ષ ઓગસ્ટ પુર થવામાં ૧૦ દિવસ બાકી છે છતાં ધારણા પ્રમાણે વરસાદ ન વરસતાં ખેડૂતોના જીવ તાળીયે બંધાયા છે. શ્રાવણમાં ભરપૂર મેઘવર્ષાની અપેક્ષા સાચી ઠરી નથી. મેઘરાજાને મનાવવા કરવામાં આવતા યજ્ઞો-પ્રાર્થના અત્યાર સુધી વિફળ સાબિત થઈ છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં આ વર્ષે સરેરાશ કરતાં પણ ઓછો વરસાદ નોધાયો છે. ગત વર્ષે ૨૧ ઓગસ્ટ સુધીમાં સરેરાશ ૬૫ ટકા વરસાદ નોંધાયો હતો. જે આ વર્ષે માત્ર સરેરાશ ૩૨ ટકા વરસાદ નોંધાતા સર્વત્ર નબળા પાણીનું ચિત્ર મુશ્કેલી સ્થિતિ પેદા કરી શકે છે.